| PUBLICATION NAME : | Divya Bhaskar |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 01/08/2022 |
| PAGE: | 10 |

# સર્વસમાવેશક ભારતમાં દિવ્યાંગોનું સશક્તિકરણ

**સોસિયલ રિસોર્સ**

ડૉ. અમિત દ્વિવેદી

ભારતે આત્મ-નિર્ભરતા, સ્વાયત્તતા, સર્વસમાવેશકરતા અને પ્રતિષ્ઠા હાંસલ કરવા દેશના દિવ્યાંગોને ટકાઉ આર્થિક સશક્તિકરણ દ્વારા મુખ્યધારામાં સાંકળવાની જરૂર છે. આજે દેશની આશરે 2.21 ટકા વસતી કુલ 21 પ્રકારો (અગાઉ સાત પ્રકારની વિકલાંગતા હતી) પૈકીની વિવિધ વિકલાંગતાથી પીડિત છે. તેમની આર્થિક સક્ષમતાની સંભાવનાઓને બહાર લાવવા માટે દેશભરમાં વિવિધ પ્રયાસો અને પહેલ કરાઈ છે, પરંતુ તે ઘણાં અંશે નિષ્ક્રિય રહી છે. હાલ, દિવ્યાંગજનોના સશક્તિકરણની કામગીરીમાં સામાજિક ભેદભાવ, બહિષ્કાર, લોકોમાં વિવિધતા પ્રત્યે સંવેદનશીલતાનો અભાવ, વિશિષ્ટ વ્યક્તિઓ પ્રત્યે અપેક્ષિત આદર અને સહયોગનો અભાવ, કાર્યની ગરિમા જેવાં પરિબળો અવરોધ પેદા કરે છે. આ પરિસ્થિતિમાં રાષ્ટ્રનિર્માણ માટે દિવ્યાંગજનની શ્રેષ્ઠ ક્ષમતાઓને યોગ્ય દિશામાં લઈ જવાની જરૂર છે. દિવ્યાંગજન, ટ્રાન્સજેન્ડર, આદિજાતિ વગેરે સહિતના વંચિત સમૂહના લોકોને આત્મ-નિર્ભર બનાવવા માટે ઉદ્યોગસાહસિકતા એક મજબૂત માધ્યમ છે. દિવ્યાંગજન અને બીજા વંચિતોને અર્થસભર આર્થિક પ્રવૃત્તિઓમાં જોડવા, આજીવિકા પ્રાપ્ત કરવા, ગૌરવપૂર્ણ જીવન જીવવામાં મદદ કરવા ઉદ્યોગ સાહસિકતાથી પરિચિત કરાવવા જોઈએ. દેશભરમાં દિવ્યાંગજનને સશક્ત કરવા માટે ઘણી સંસ્થાઓ અને કેન્દ્રો સખત મહેનત કરી રહ્યાં છે. તે અંતર્ગત જાગૃતિનો પ્રસાર, કૌશલ્ય વિકાસ, સ્વરોજગાર માટે ક્ષમતા નિર્માણ, એન્ટરપ્રાઈઝની સ્થાપના નોકરી જેવી મહત્વપૂર્ણ પ્રવૃત્તિઓને આવરી લેવાય છે.

દિવ્યાંગો વચ્ચે ઉદ્યોગસાહસિકતા તેમની કારકિર્દી અથવા આજીવિકાના સ્રોત તરીકે સારો વિકલ્પ હોવા અંગેની જાણકારીનો અભાવ છે. તેમની પાસે વ્યવસાય માટે ઉપયોગી વિવિધ કૌશલ્યો હોવા છતાં તેઓ મુખ્યત્વે સરકારના સહયોગ, ગ્રાન્ટ અથવા પેન્શન ઉપર વધુ નિર્ભર રહે છે. દિવ્યાંગજનના સશક્તિકરણ માટે કાર્યરત એજન્સીઓએ દિવ્યાંગજન માટે ઉચિત સ્વરોજગાર અને આજીવિકાની તકો હાઈલાઈટ કરતાં બે-ત્રણ દિવસના 'આંત્રપ્રિન્યોરશીપ ઓરિએન્ટેશન પ્રોગ્રામ' યોજવાની જરૂર છે. આ પ્રોગ્રામમાં સરકારી અને બિનસરકારી સપોર્ટની ઉપલબ્ધતા હાઈલાઈટ કરવા માટે નોંધપાત્ર સમય ફાળવવો જોઈએ, જે તેમને ઉપયોગી બની શકે છે. આ પ્રકારના ઓરિએન્ટેશનથી દિવ્યાંગજન તેમની એન્ટરપ્રાઈઝના નિર્માણ માટે નવીન વ્યવવાસિયક તકો અને સપોર્ટની જાણકારી મેળવે છે. (લેખક : એસોસિયેટ પ્રોફેસર અને ઈનચાર્જ - ડિપાર્ટમેન્ટ ઓફ પોલીસી એડવોકસી, નોલેજ એન્ડ રિસર્ચ, ઈડીઆઈઆઈ)

## અપૂરતી માહિતીના કારણે અનેક હર્ડલ્સ

બિઝનેસ ઈકોસિસ્ટમ, ફંડિંગ અને સરકારી પ્રોગ્રામ વિશે દિવ્યાંગજન પાસે અપૂરતી માહિતી વધુ એક સમસ્યા છે. એક-બે દિવસના "આંત્રપ્રિન્યોરશીપ આઉટરિચ પ્રોગ્રામ" આ સમસ્યાનો ઉકેલ લાવી શકે છે. આવા પ્રોગ્રામનું ગામ અથવા તાલુકા સ્તરે આયોજન કરી શકાય, જેના મારફતે દિવ્યાંગજન માટે ઈકોસિસ્ટમ (પોલીસી, સ્કીમ, ઈન્ક્યુબેશન, માર્કેટ પ્લેયર્સ વગેરે), ફંડિંગ (ઔપચારિક અને અનૌપચારિક બંન્ને) અને સરકારી સ્કીમ સંબંધિત જાણકારીનો પ્રસાર કરી શકાય છે. વધુમાં આ પ્રોગ્રામમાં હાજર રહ્યાં બાદ તેમના આત્મવિશ્વાસમાં વધારો કરી શકાય છે અને તેઓ પોતાના વેન્ચરની રચના કરવાનો પ્રયાસ કરવા સાથે લાભો મેળવવા સરકારી વિભાગોનો પણ સંપર્ક કરી શકે છે.

